સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'સખાઓ'ને છેહ દઇ, હવે એ ચૂંટણી લડશે,
'સમાજે'ને ભાંગીને ભેદથી, એ ચૂંટણી લડશે,
'સભા'માં ગાજશે એ સરકારી સાહેબો ના ભોગે -
અનેક 'સવાલો' સાથે હવે એ ચૂંટણી લડશે!
('સ' આધારિત ચૂંટણી સલામી)

હાઈકુ

મિલાવે હાથ
દુશ્મનો સામે પણ,
'રાષ્ટ્રીય નેતા'

બધા પક્ષોનું
અંતિમ લક્ષ્ય જ છે,
'ધન-સંગ્રહ'

ચિંતન

કૃતાર્થ સ્વામિનં; દ્વેષ્ટિ કૃત દારસ્તુ માતરમ્ ।
જાતાપત્યા પતિ દ્વેષ્ટિ ગતરોગ ચિકિત્સકમ્ ॥

સેવક, નોકર, દાસ પોતાની ગરજ-સ્વાર્થ પૂર્ણ થતાં પોતાના શેઠ-માલિકનો દ્વેષ-વિરોધ કરવા લાગે છે. પરણ્યા પછી, ગમે તેટલા વાત્સલ્ય અને દુ:ખ-સહન કરીને ઉછેર્યો હોવા છતાં પુત્ર પત્ની તરફી થઇ માતાનો દ્વેષ કરે છે, છોકરાં થયા પછી અને - યુવાન થયા પછી (પુત્રો માતાને સાચવતા થયા હોય) પત્ની પોતાના પતિને જ દ્વેષ કરવા લાગે છે. અને રોગ દૂર થયા પછી દર્દી-માણસ પોતાના ચિકિત્સક-ડોક્ટર-વૈદ્યનો વિરોધ કરવા લાગે છે.

આજના યુગમાં સામાન્યત: એક જ સિધ્ધાંત અમલમાં છે. 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી' તમારાં પરિચિત તમારી ઓળખાણ-સત્તા કે પદનો લાભ લેવા કે 'ભલામણ' કરાવવા રાત-દિવસ તમારી આસપાસ મીઠું બોલી, વિનયપૂર્વક વર્તન કરે છે પણ જ્યારે તમારા થકી જ કામ પાર પડી ગયું હોય છતાં પણ, તમારો આભાર માનવા જેટલી પછી એમને ફુરસદ મળતી નથી.

પૈસાની જરૂર હોય ત્યારે ઘરનોકર-ગુમાસ્તા ના કામ અને વિનય વર્તનમાં અદ્‌ભૂત પરિવર્તન આવી જાય છે પણ હેતું સર્યા પછી મૂળ પરિસ્થિતિ આવી જાય છે

પરિણિત પુત્રના સ્વભાવની અસર અને ધનવાન પુત્રોની માતાનો પતિ પ્રત્યેનો સેવાભાવ પણ 'ગરજ' નથી અસર સ્પષ્ટ દેખાતી હોય છે.

જે ડોક્ટરની દવા-સારવારથી સાજો થયેલો દર્દી જો પછી બીલમાં વાંધા-વચકા પાડે છે.

સુવિચાર

- જે પોતાનું કામ, કર્તવ્ય, ફરજ પૂરી કર્યા વિના ભોજન કરે છે તે ચોર છે - ગાંધીજી
- જે વસ્તુની આપણને જરૂરિયાત ન હોય તે સંગ્રહી રાખવી તે એક પ્રકારની ચોરી જ છે - જીન-ઉલ-વદી
- શારીરિક પરિશ્રમ કરવો એ માનવધર્મ છે જે ઉદ્યમ નથી કરતો તે ચોરીનું અન્ન ખાય છે - વિનોબા
- આ દુનિયામાં સરળતાથી છેતરી શકાય, તેવી એક વ્યક્તિ તે - 'આપણી પોતાની જ જાત' - બી.લાઇટોન
- અજ્ઞાનીને જે જગતરૂપે દેખાય છે જ્ઞાનીને ભગવાન સ્વરૂપે દેખાય છે - અરવિંદ ઘોષ
- કોઇ પણ ભયંકર રોગની દવા છે પણ 'જડતા' ની કોઇ દવા નથી - કાર્લાઇલ
- આપણી જરૂરિયાત પૂર્ણ કરવા આપણી પાસે મજબૂત હૃદય અને મજબૂત હાથ છે, પછી તને શેની જરૂર છે? - લોંગ ફેલો

બોધકથા

મહાભારત-રામાયણનાં કાળમાં કાંડ રચાતા અરણ્યકાંડ-સુંદરકાંડ-ઉત્તરકાંડ, અત્યારે પણ ભારતમાં હવાલાકાંડ, ચારાકાંડ, સ્પેક્ટ્રમ કાંડ રચાય છે. સત્તાધીશો સત્તા-પદના છાપરે બેસી લોકહૃદયને ઠેંસ પહોંચાડે એવા નિવેદન કરે છે. આ નિવેદનોમાં એમની આછકલાઇ અને મદ-અભિમાન છતાં થાય છે.

એક સિંહ પોતાની ખૂમારીથી ગામની બજાર વચ્ચેથી પસાર થતો હતો. શાંતિ-ધીરજ અને કાયદામાં રહીને નીચું જોઇ જતો હતો.

ત્યાં, ઊંચે સુરક્ષિત છાપરાં પર બેઠેલા બકરાએ બૂમ પાડી, એ ભિખારી, સિંહ!! અત્યારે, બપોરના તડકામાં ક્યાં ભીખ માગવા નિકળ્યો છે? શરમ નથી આવતી?

સિંહે નમ્રતા પૂર્વક ઊંચે છાપરા પર બેઠેલા બકરાના આવા રૂઆબ નિવેદનથી ગર્ભિત સ્મિત કરી મૌન રાખ્યું..

ત્યાં બકરો બોલ્યો એ નાલાયક! તે સાંભળ્યું નહીં?! સિંહે જવાબ દીધો - બકરાં! આ તું નથી બોલતો તારું છાપરું બોલે છે, નીચે ઉતર! પછી તને જવાબ આપું!

નેતાઓ સત્તા પદ પર બેસી ગમે તેવાં નિવેદન કરે છે એ સિંહ સ્વરૂપ પ્રજા મૌન રાખી સાંભળી લે છે, ચૂંટણીમાં ઉતરે પછી જવાબ પણ મળી જાય છે.

સમય કોઇને સગો થતો નથી, પછી દુર્ગાપ્રસાદનો ક્યાંથી થાય ? ઇશ્વરનો જન્મ થયો ત્યારથી જીવંતિકા બિમાર રહેવા લાગી હતી, ક્યારેક ખાંસી તો ક્યારેક તાવ, તાવ પણ કેવો ? ઘણી વખત તો બબ્બે મહિના સુધી તેનો પીછો છોડતો ન હતો

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

તમને શરમ નથી આવતી, જ્યારે જુઓ ત્યારે પૈસા માંગવા લાગો છો, ક્યારેક તો વિચારો કે હું એટલા રૂપિયા ક્યાંથી લાવું? વળી મેં તમને કેટલીવાર કહ્યું કે ઘરમાંથી હું બહાર નીકળતો હોઉં ત્યારે પૈસા માંગવા નહીં, મારો આખો દિવસ બગાડ્યો. બા ખુદ તો જતાં રહ્યાં ને આમને અમારા માટે મુકી ગયાં. હવે જિંદગીભર તેમને સહન કરવાના. હે ભગવાન! હું શું કરું? ઈશ્વરે પિતાને ધમકાવતાં આકાશ તરફ જોયું. દુર્ગાપ્રસાદ યાચકની જેમ ઈશ્વરની સામે હાથ લંબાવી ઊભા હતા.

દુર્ગાપ્રસાદ કદાવર, હૃષ્ટપુષ્ટ, રંગે ગોરા, લાંબુ નાક ને ચમકતું કપાળ. તે નિયમિત ઝભ્ભોને ધોતીયું પહેરે - ઉપર લોંગ કોટ પહેરેલો હોય. તેનાથી રૂઆબદાર લાગે. કપાળ પર ચંદનનો લેપ અને તિલક કરીને ઘેરથી નીકળે ત્યારે તેમનું વ્યક્તિત્વ કોઇ રાજપુરૂષ જેવું જાજરમાન લાગે. તેમનું બાળપણ પણ એવું જ હતું. માતાપિતાનું એક માત્ર સંતાન અમલદાર તરીકે જોડાયેલા. બા, બાપુજીની પણ ઇચ્છા હતી કે દીકરો રૂઆબદાર નોકરી કરે, તેમની ઈચ્છા અનુસાર જ દુર્ગાપ્રસાદનો નોકરીમાં દબદબો હતો.

દુર્ગાપ્રસાદે આઝાદી પછી પણ થોડાં વર્ષો પોલીસ અમલદાર તરીકે કામગીરી કરી, એ જયારે નીકળતા ત્યારે તેમનું ઊંચું કદ અને ગોરો વાન હોવાને કારણે બધામાં અલગ તરી આવતા. ગામડામાં બાળપણ વિતેલું. ગામડાનું જીવન જીવેલા. ગામના છોકરાઓ સાથે લખોટી, ગીલ્લી દંડા ખુબ રમેલા તેથી નિશાનબાજીમાં હંમેશાં એ અવ્વલ રહેતા. તેમની પ્રામાણિકતા, ચપળતા અને ગુન્હાશોધક દૃષ્ટિને કારણે પ્રમોશનો લઈ આગળ વધતા રહ્યા. હાં, નિવૃત્ત થયા ત્યારે તેમને એક વાતનો અફસોસ રહી ગયો કે તે એસ.પી. થઈ ન શક્યા.

દુર્ગાપ્રસાદે પોતાના જીવનના દરેક સોપાને પ્રગતિ સાધી. માતા પિતાના એક માત્ર પુત્ર હોવાનો પણ તેમને લાભ મળ્યો. સુશીલ અને સંસ્કારી જીવંતિકાબેનને પત્ની રૂપે પામીને તેઓ ધન્ય થઈ ગયા. બા બાપુજીના પણ પરભવના પુણ્ય હશે તેથી એમને ચારધામની યાત્રા કરાવી શક્યા. દીકરાને કારણે જ્ઞાતિ બંધુઓમાં પણ પિતાને આગવું સ્થાન મળ્યું હતું. એકના એક દીકરા તરીકે દુર્ગાપ્રસાદમાં માતા પિતાના બધા ગુણો આવેલા હતા. તે મહેનતું તો હતા જ સાથે સાથે બુધ્ધિશાળી પણ એટલા જ હતા. સામેવાળા વ્યક્તિને જોઈ એ પામી જતા કે તે શું વિચારે છે. જયારે તેમનો જન્મ થયો ત્યારે જ દાદીએ તેનું લાંબુ નાક જોઈને કહી દીધેલું કે એ લાખોમાં એક થશે. એ વાત ત્યારે સાબિત પણ થઈ ગઈ જયારે દુર્ગાપ્રસાદે મેટ્રીકની પરીક્ષા આખા ગામમાં પહેલીવાર ફર્સ્ટ કલાસથી પાસ કરેલી. બીજા લોકોને માન આપવું. અવારનવાર કોઈને પણ મદદરૂપ થવા તત્પર રહેવું એ બધા ગુણો દુર્ગાપ્રસાદને તેના દાદા પાસેથી મળ્યા હતા. તો તનતોડ મહેનત કરવાના ગુણ તેમને પિતા પાસેથી મળ્યા હતા. આટલું બધું હોવા છતાં તેમનામાં એક વાતની ખામી હતી કે તે કોઈ સામે કયારેય યાચક બની ઊભા રહેતા આવડતું ન હતું. આમ તો એ એમણે શિખવાની જરૂર પણ ન હતી. કારણ કે જયાં સુધી દાદા રહ્યા અને પિતા હતા ત્યાં સુધી તેમણે કોઈ પાસે ક્યારેય કંઈ માંગ્યું ન હતું. પોતાનાથી જ બન્યું તે સૌને આપેલું પોતે ભણતા ત્યારે પણ ગામના ઘણા છોકરાઓને ભણાવવાના અને તેમની ફીનો ખર્ચ પોતાના ખીસ્સા ખર્ચમાંથી તે આપતી. તે બાબતે બા એ તેમને એક બે વાર ટોકેલા પણ ખરા. પણ જયારે એ માન્યા નહીં તો બા એ પણ વિચાર્યું કે જવા દો એ છેવટે તો કોકનું ભલું જ કરે છે ને! ક્યાં કોઈ ચોરીચપાટી કહે છે. આવા ગુણગાન પુત્રને મળેલ પત્ની જીવંતિકા પણ કંઈ ઓછી ઉતરે એવી ન હતી. તેણે મૃત્યુ સુધી સાસુ સસરાની એવા તો કરી પણ પોતે સાસુ બની ત્યારે દીકરા-વહુને કોઈ દિવસ કામ કરવા દીધું નહીં.

સમય કોઈને સગો થતો નથી. પછી દુર્ગાપ્રસાદનો ક્યાંથી થાય. ઈશ્વરનો જન્મ થયો ત્યારથી જીવંતિકા બિમાર રહેવા લાગી હતી. ક્યારેક ખાંસી તો ક્યારેક તાવ, તાવ પણ કેવો ઘણી વખત તો બબ્બે મહિના સુધી તેનો પીછો છોડતો ન હતો. જયારે ગામના વૈદ્યરાજની દવાથી નહીં મટે એને લાગ્યું ત્યારે દુર્ગાપ્રસાદે શહેરની સરકારી હોસ્પિટલના મોટા ડૉકટરો પાસે તેને બતાવ્યું. આ પરિસ્થિતિમાં જીવંતીકાએ ઈશ્વરને ઉછેર્યો. દુર્ગાપ્રસાદે પણ રાતદિવસ જોયા વિના બાળકો માટે પોતાનું સર્વસ્વ ખર્ચી નાખ્યું. આમ પણ પોલીસની નોકરીમાં સમય તો મળતો જ ક્યાં હતો. એમાં પણ સમયની દાદાગીરી જ ચાલી તેમને એમ હતું કે રીટાયર્ડમેન્ટ બાદ બંને જાત્રા કરીશું અને પૌત્રપૌત્રીઓ સાથે જીવનનો આનંદ લઈશું.

દુર્ગાપ્રસાદે ફરીવાર ઈશ્વરને કહ્યું, 'દીકરા મારી દવા ખલાસ થઈ ગઈ છે અને નયનની સ્કૂલની ફી ભરવાની છે. તને તો ખબર છે કે મારું પેન્શન વહુના ભણવામાં જ વપરાઈ જાય છે.', 'બોલ હવે હું શું કરું? મને તો તારો જ આશરો છે.'

ઈશ્વરે એક પળ વિચાર કર્યો. બાપુજીની દવા કેટલાની આવશે, નયનની ફી કેટલી હશે. મારી પાસે તો ટાઈમ ક્યાં છે. નિયતિને સ્કૂલે મુકવા જાઉં કે આમની દવા પાછળ ફરું. નયનની ફી જમા નહીં થાય તો એ છ માસિક પરીક્ષામાં બેસી નહીં શકે. તે વિચારમાં પડી ગયો કે હવે શું કરવું? બાપુજી જાય તો સારું. પોતાની દવા પણ લઈ લેશે અને ફી પણ ભરાઈ જશે. ઉનાળાના દિવસોમાં તડકામાં લાઈનમાં ઉભા રહેવાનું કેટલું મુશ્કેલ હોય છે. જરા નારાજગી સાથે ઈશ્વરે કહ્યું 'સારું, બાપુજી તમે પહેલાં નયનની ફી ભરી દેજો. ને પછી તમારી દવા લઈ લેજો.' ઈશ્વરે નયનની ફી અને બાપુજીની દવાના પૈસાની ગણતરી કરી વળતાં તે પાછા રીક્ષામાં આવી શકે એટલાં પૈસા આપ્યા.

'ચાલો ઠીક છે દવા તો આવી જશે' એમ મન મનાવી નયનની સ્કૂલ તરફ ચાલી નીકળ્યા.

સૂરજ બરાબર માથે આવ્યો હતો. વાતાવરણમાં આવેલ ફેરફારના લીધે આમ પણ ગરમીનો પ્રકોપ આઠ મહીના ભોગવવો પડે છે. તેમાં ઘરડા માણસ માટે થોડી વધુ ગરમી પણ આફતરૂપ થઈ જતી હોય છે. થોડેક દૂર સુધી ચાલતાં શ્વાસ ચડી ગયો. તેમાં ઉપરથી કાળઝાળ ગરમીએ તેમના શરીરમાંથી પણ શોષી લીધું હતું. રૂમાલથી પરસેવો લૂંછતાં સૂરજ સામે જોયું તો એમ લાગ્યું કે ચક્કર આવી જશે. માથું ફરવા લાગ્યું.પગ ધ્રુજવા લાગ્યા અને હૃદયમાં ગભરામણ થઈ. મનમાં વિચાર આવ્યો કે જો જીવંતી હોય તો મને સાચવી લેત. પણ અહીં તો પોતે જ પોતાની જાતને સંભાળવાની હતી. દિવાલને ટેકો લઈને એક મકાન નીચે ઊભી રહી ગયા. પણ પગ ટકી શકે તેમ ન હતા. તેથી જમીન પર બેસી ગયા. થોડો આરામ કર્યા પછી ઊભા થઈ જયાં એક બે ડગલાં ચાલ્યાં ત્યાં ગડથોલીયું ખાઈને પડી ગયા.

ભાનમાં આવતાં જ દુર્ગાપ્રસાદે પોતાને પોલીસ સ્ટેશનમાં જોઈને સ્તબ્ધ થઈ ગયા. ફરિયાદીઓ માટે મુકવામાં આવેલા બાંકડા પર સૂતાં સૂતાં આંખો ફાડીને પોલીસ ચોકીને... બેરેકને અને પછી બંદૂક લઈ ફરતાં સંતરીને જોવા લાગ્યા. મનમાં નવા નવા વિચારો આવવા લાગ્યા. તેમને લાગ્યું કે કંઈ અજુગતું તો બની ગયું નથી ને કે પોલીસવાળા તેમને અહીં લાવ્યા છે. એકવાર તો વિચાર આવ્યો કે ઉભા થઈને સંતરીને પૂછું. પણ તેમની હિંમત ન ચાલી. કયાંક પોલીસનો ડર અને કયાંક શરીરમાં અશક્તિ એ તેમને પડ્યા રહેવા માટે મજબૂર કર્યા હતા. અચાનક તેમણે નિર્ણય કર્યો કે પાણી માંગવાને બહાને જાણી શકાશે કે તેમને અહીં કેમ લાવવામાં આવ્યાં છે.

ધીમા અવાજે તેમણે સંતરીને બોલાવ્યા. સંતરી દોડીને આવ્યો, 'જી સર, સર શું થયું?'

'થોડી પાણી આપો ને!'

'હાં... હાં... સર, હમણાં લાવ્યો.'

સંતરી પાણી લેવા દોડી ગયો. તે પાછો આવ્યો ત્યારે તેની સાથે ફોજદાર પણ હતા.

દુર્ગાપ્રસાદે બેઠા થવાનો પ્રયત્ન કર્યો. તેમાં ફોજદારે તેમને મદદ કરી, 'લો - સર, પાણી પીઓ.' બે ઘૂંટડા પાણી પીધા પછી દુર્ગાપ્રસાદે ફોજદાર તરફ જોયું. બરાબર એજ રીતે ઈશ્વર પાસે પૈસા માંગતાં જોતા.

ફોજદારે દુર્ગાપ્રસાદની આંખોમાં આંખ મિલાવી કહ્યું, 'સર, તમે મને ઓળખ્યો નહીં ખરું ને?' મારું નામ દિનુ. તમારી દયાથી સ્વીપર તરીકે કામ મળેલું આજે અહીં પહોંચ્યો છું. 'દુર્ગા પ્રસાદ હજુ ગભરાયેલા હતા. પણ ફોજદારની આ વાતથી તેમનામાં હિંમત આવી. જીવનમાં જીવ આવ્યો તો ફોજદારને ઓળખવાની કોશિષ કરી. તેમને થોડું થોડું યાદ આવ્યું. અરે હાં ચાલો ધના કાળાનો દિનયો. જેને તેમણે એસ.પી. સાહેબને કહી હેડ કવાર્ટરમાં સ્વીપર કમ ચોકીદાર તરીકે પોલીસમાં ભરતી કરાવેલો. દુર્ગાપ્રસાદે ફોજદારની વાત સાંભળી મનમાં વિચાર્યું કે ચીંતા જેવું કંઈ નથી. મેં રખાવેલો એ જ છોકરો છે. પણ ટેન્શન એ વાતનું હતું કે તેમને અહીં લાવ્યું કોણ? તેમણે ફોજદારને પૂછ્યું. 'મને અહીં કોણ લાવ્યું?'

ફોજદારે નમ્રતાપૂર્વક કહ્યું, 'સર, તમે રસ્તા પર પડી ગયા હતા. હું ત્યાંથી નીકળ્યો તો મેં ભીડ જોઈ, મને થયું કે કોઈ દારૂડિયો પડ્યો હશે. અથવા કોઈ ખિસ્સા કાતરૂ હશે જેને લોકોએ મારી મારીને અધમુવો કરી નાખ્યો હશે. જેતી ટોળું ભેગું થયું છે. પણ જયારે મેં નજીક જઈને જોયું તો તમને જોયા. હું જ તમને અહીં લાવ્યો છું. સર, તમે પડી કઈ રીતે ગયા? તમને કંઈ અકસ્માત તો થયો નથી ને!'

દુર્ગાપ્રસાદે પોલીસ સ્ટાફ પાસે આટલી સહાનુભૂતિની અપેક્ષા રાખી ન હતી. તેમણે પોતાના કાર્યકાળમાં અનેક કેસ એવા જોયેલા જેમાં પોલીસ વિભાગનું નામ શરમથી ઝુકી જાય. આમેય પણ અંગ્રેજોના સમયથી પોલીસની છાપ સારી નથી જ. છતાં દિનુ ની વાતો સાંભળીને તેમણે પોતાની બધી વિતકકથા તેને કહી સંભળાવી. તે પુરી થતાં જ ફોજદારે જમાદારને બોલાવ્યા.

(ક્રમશ:)

- vanvihari@gmail.com

સફળતા અચાનક મળી જતી નથી, વર્ષો સુધીના સખત પરિશ્રમનું એ પરિણામ છે, ચોક્કસ ધ્યેય નક્કી કરી એ ધ્યેય પૂરો કરવા એક જ દિશામાં સતત મહેનત કરતા રહેવાથી જ ધાર્યા મુજબની સફળતા મળે છે

પારિજાત
- રેખા ભટ્ટ

જો જહાં હૈ વહાં કદમ જમાયેં રહે
કયા ખબર કબ જમીં ચલને લગે.
- શહરયાર

ઉર્દૂના પ્રસિધ્ધ શાયર શહરયારને આપણે સૌ જાણીએ છીએ. ખાસ કરીને ઉમરાવ જાન અને ગમન જેવી ફિલ્મો માટે ઉત્તમ ગઝલો તેમણે લખી છે અને સાહિત્યમાં પ્રતિષ્ઠિત એવો ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ તેમને અર્પણ કરવામાં આવ્યો છે.

સફળતા અચાનક મળી જતી નથી. વર્ષો સુધીના સખત પરિશ્રમનું એ પરિણામ છે. ચોક્કસ ધ્યેય નક્કી કરી, એ ધ્યેય પૂરો કરવા એક જ દિશામાં સતત મહેનત કરતા રહેવાથી જ ધાર્યા મુજબની સફળતા મળે છે.

મોટે ભાગે આપણી મહેનત કરવાની તૈયારી હોતી નથી. સપનાં મોટાં મોટાં જોયે રાખીએ છીએ પણ તે પૂરાં કરવાં માટે ઝઝૂમવાને બદલે સહેલો રસ્ત કે શોર્ટ કટ અપનાવી બેસીએ છીએ. અથવા તો કંટાળીને કે નિરાશ થઈને હથિયાર હેઠાં મૂકી દઈએ છીએ. જો કે ખરેખર તો વર્ષોની મહેનત પછી પરિણામ મળવાની તૈયારી હોય ત્યારે જ આપણે હાર માની લઈએ છીએ પછી વાંક કાઢવા માટે આપણી પાસે વાક્ય તૈયાર જ હોય છે, ''અમે તો બનતું બધું જ કર્યું પણ નસીબ જ વાંકા એટલે શું થાય?'' ટૂંકમાં બધો જશ - અપજશનો ટોપલો નસીબના માથે!

પણ જયારે કોઈ કામ પૂરું કરતાં કરતાં આપણને થાય કે હવે તો નહીં જ રહેવાય કે હવે તો નહીં જ ટકી શકાય વળગી રહેવું કારણ કે, ત્યારે જ વળતાં પાણી થવાની શક્યતા હોય છે.

આપણે પાણી મેળવવા કૂવો ખોદતા હોઈએ અને ૧૦-૧૨ ફૂટ ખોદ્યા પછી પણ પાણી ન આવે ત્યારે એટલે બીજી જગ્યાએ કૂવો ખોદવાનું ચાલું કરીએ. વળી થોડેક ઉંડે સુધી ગયા પાણી ન મળે એટલે નવો કૂવો ખોદવાનું શરૂ કરીએ. એટલે મહેનત નકામી જાય અને પાણી મળે નહીં. એના કરતાં એક જ જગાએ ધીરજ રાખીને ૨૫-૩૦ ફૂટ કે ચાળીસ ફૂટ ખોદીએ તો અચૂક પાણી મળે જ મળે. આ બાબત દરેક કામ માટે લાગુ પડી શકે.

એકવાર, સમુદ્રમાં એક વહાણ ફસાયું અને પીવાના પાણીની તંગી ઊભી થઈ. હવે પીવાના પાણી વગર શી રીતે ચાલે? તરત જ આ વહાણ પરથી બીજા વહાણનં સંદેશો મોકલવામાં આવ્યો કે અમે આ જગ્યાએ ફસાયા છીએ અને પીવાનું પાણી તરત મોકલો. પેલા વહાણ પરથી વળતો સંદેશો આવ્યો. ''જયાં છો ત્યાં જ ઘડો ડૂબાડો'' કેમ કે વ્હાણ જયાં ફસાયું હતું ત્યાંથી જ મીઠા પાણીનો ઝરો ફૂટતો હતો.

મતલબ, અણીના સમયે દૂર દૂર સુધી મદદ માટેની આશા રાખવી એના કરતાં જયાંથી આપણું કામ અટક્યું છે ત્યાં જ વધારે ધીરજ રાખીને સતત પ્રયત્ન કરવામાં આવે તો વધારે સફળતા મળે.

દરેકમાં કોઈકને કામ સારી રીતે કરી શકવાની શક્તિ હોય જ છે. પણ જે તે વ્યક્તિને એની ખબર નથી હોતી. એના સમર્થન માટે એક નાનકડી વાર્તા યાદ આવે છે.

એક શિષ્ય વિદ્યા મેળવવામાં થોડોક પાછળ રહી જતો હતો. ખૂબ મહેનત છતાં અને પોતે હોંશિયાર હોવા છતાં ધાર્યું પરિણામ મળતું નહોતું. આથી નિરાશ થઈ ગયો. એટલે ગુરુએ એને શિખામણ આપવા માટે પાસે બોલાવ્યો અને એક લોખંડની ડબ્બી આપતાં કહ્યું, ''લે, આમાં પારસમણી છે. જેને એડકે તે સોનું થઈ જશે.'' શિષ્યએ નિરાશામાં કહ્યું, ''તો, આ ડબ્બી જ કેમ સોનાની નથી બની જતી?'' ગુરુએ કહ્યું બેટા, 'ડબ્બી ખોલીને જો તો તારા સવાલનો જવાબ આપોઆપ મળી જશે.' શિષ્યએ ડબ્બી ખોલીને જોયું તો પારસમણિ એક ચીંધરામાં વિટાયેલો હતો. ચીંથરાના કારણે ડબ્બીને સ્પર્શ થતો નહોતો.

આપણા સૌની પાસે પારસમણિ છે. પણ ચીંથરું વીટેલો . ચીંથરું એ - આળસ હોઈ શકે, સહનશક્તિની કમી હોઈ શકે, ધીરજની કમી હોઈ શકે - આત્મવિશ્વાસની ખામી હોઈ શકે - કંઈ પણ હોઈ શકે.

કોઈ કોઈ વ્યક્તિઓ એવી હોય છે જે પારસમણી પરથી ચીંથરું હટાવીને પોતાનો ઝળહળાટ બતાવી શકે છે. જેમ કે હમણાં સમાચારમાં જાણવા મળ્યું છે તેમ, ભારે સંઘર્ષ પછી રિક્ષા ચાલકના પુત્રએ આઈ.પી.એસ.ની પરીક્ષામાં સફળતા મેળવી છે, અને તેની સાથે બીજા અન્ય યુવકો પણ છે જેઓ સામાન્ય પરિવારમાં રહેતા હોવા છતાં આઈ.પી.એસ. જેવો હોદ્દો મેળવી શક્યા છે. આ તમામને માટે કહી શકાય કે,

''એકાદ સફરમાં છોડી ન દો
રાહમાં આગળ નથી પથરા બધા''

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

લ્મી મે

દેશસેવામાં જીવન હોમી દેનારા ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિન

ન્યાયમૂર્તિ રાનડેના શિષ્ય, અંકગણિતના વિખ્યાત વિદ્વાન, ભારત સેવક સમાજના સ્થાપક, મળવા પ્રવૃત્તિના પ્રણેતા તરીકે ઓળખાવેલા ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિન - ૯-૫-૧૮૬૬.

તેમણે દેશમાં આવશ્યક સુધારા માટે બ્રિટીશ સરકારનું ધ્યાન દોર્યું. ૧૯-૨-૧૯૧૫ માં તેમનું અવસાન થયું.

- *દુનિયામાં સૌ પ્રથમવાર તેજગતિને માપનારા આલ્બર્ટ એબ્રાહ્મ માઇકેલસનનું અવસાન - ૧૯૩૧.*
- *૧૯૦૫માં ભારતમાં ભીષણ ગણાતો પ્લેગ રોગ ફાટી નીકળ્યો, ૩૪,૦૦૦ માણસોના મરણ થયા.*



ભણવામાં કોઈ કચાશ ન રાખવી, ઈતર પ્રવૃત્તિ મનગમતી કરવી, મા બાપની વાત વર્ષભર માનવી, વેકેશનમાં માત્ર મનમાની કરવી

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

પરીક્ષા પતી અને વેકેશનનો માહોલ છવાયો છે. પહેલાં મોટો સંયુક્ત પરિવાર અને લીમીટેડ ઈન્કમને કારણે દેશી રમતો, સરકારી કેમ્પ અને મામાનું ગામથી વધીને કોઈ પ્રવૃત્તિ હાથ લાગતી નહીં... આજે લોકો બે પૈસે સુખી થયાં છે. સ્વતંત્ર પરિવાર, વર્ષ આખું ભણતરનો ભાર અને એકાદું બાળક એટલે એકલતા કોરી ખાય એટલે સમર કેમ્પ શ્રેષ્ઠ ઉપાય... બાળક ઘરે હોય એટલે મમ્મી હવે હું શું કરૂં ના પ્રશ્નોનો મારો ચાલે. મા-બાપ બાળકને કેવાં અને કયા કેમ્પમાં મુકવું એની દીધામાં અટવાઈ જાય!!

બે - અઢી મહિનાનાં વેકેશનનો ભરપૂર લાભ લેવા અને રજાનો સદ્‌પયોગ કરવા અને સાથોસાથ બાળક કંઈક નવું શીખે એનો વિચાર મા - બાપે જ કરવો પડતો હોય છે... સ્કૂલ બહાર યોજાતી શિબિરોમાં એકાદી પ્રવૃત્તિમાં નામ નોંધાવી દેવાથી બાળક અને મા-બાપ બંને છૂટકારો મેળવતાં એવી પરિસ્થિતી હવે રહી નથી. આજે બંને જણા હોંશિયાર બની ગયાં છે. બીબાં ઢાળ યોજાતા કેમ્પથી બાળકો અને વાલીઓ બંને દૂર થવાં લાગ્યા છે. શિબિર અને એનાં સંચાલકોની માહિતી મેળવી યોગ્ય હોય તો જ બાળકને ત્યાં મોકલવાની માનસિકતા હવે જાગૃત વાલીઓ કેળવી રહ્યા છે!!

ગાંધીનગરમાંય આજકાલ જાતજાતની અને ભાતભાતની શિબિરોનો રાફડો ફાટ્યો છે. કેટલીક સંસ્થા એના પૅટર્ન પર કેમ્પ ચલાવે છે, સેવાકીય ઉદ્દેશથી ચલાવતી શિબિરમાં નવાં અખતરાં ઓછા થતાં જોવા મળે છે. તગડી ફી વસૂલી કરાતાં કેમ્પ પણ શહેરમાં જોરમાં ચાલી રહ્યા છે. હૉબી કલાસીસ અને સ્પોર્ટસનો વિવિધ શિબિરોથી બાળકો ઉભરાઈ રહ્યા છે. એટલે આમાં શું નવું કરવું? સૌના માટે પ્રશ્ન છે. છોકરાઓ જંગલ સાથે દોસ્તી કરે એ માટે જંગલ મૈત્રી શિબિર, શહેરી બાળકોને ગ્રામ્ય જીવનનો અનુભવ લેવા 'મામાનું ગામ' શિબિર, બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટીકોણ વિકસિત થાય એ માટે વિજ્ઞાન શિબિર, સાયન્સને લગતી મુવી અને સંશોધન પ્રોજેકટ જેવી શિબિર પણ યોજાતી દેખાય છે. આ બધી બાબતોમાં એક વાત વિશેષ છે કે અભ્યાસને અને કરિઅર સપોર્ટીવ એકટીવીટીમાં ભાગ લઈ એક કાંકરે બેપક્ષી મારનારાં વિદ્યાર્થી અને મા-બાપ વેકેશનની પ્રવૃત્તિ સાથે પોતાનાં નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત માટેનાં અન્ય વિકલ્પોનો અભ્યાસ કરી લેતાં હોય છે.

ઉનાળુ શિબિરોનો એક મોટો ઉદ્યોગ આ બે-ત્રણ મહિના માટે ફૂલેફાલે છે. પતંગ-દોરી, ફટાકડાની જેમ આ પણ એક સિઝનેબલ બીઝનેશ જ બની ગયો છે. પહેલાં માત્ર સેવા અને બાળકો તૈયાર થવાનાં ઉદ્દેશ્યથી યોજાતી શિબિરો હવે તગડી ફી સાથે વ્યાવસાયિક ધોરણે આયોજિત થાય છે. અને પોતાનાં બાળકોની ખુશી ખાતર મા - બાપ વેકેશનનું અલગ ફંડ પણ રાખે છે. સમર વેકેશનની શિબિરની પસંદગી માટે થોડી મદદરૂપ ટીપ્સ ધ્યાને લેવાં જેવી છે.

શિબિરમાં શું શું શીખવવાનાં છે? એ શીખવાડવા કોણ આવવાનું છે? આવનાર પ્રશિક્ષકની યોગ્યતા કેટલી છે? એટલું ખાસ ધ્યાને રાખવું. મોંઘી ફી ધરાવતી શિબિરો દર વખતે સારું જ શિખવાડશે એવું માનવું નહીં. નામ નોંધાવતાં પહેલાં, ફી ચૂકવતાં પહેલાં એની પૂર્ણ માહિતી મેળવી લો. બાળકને મળનારૂ જ્ઞાન, એ

માટે લાગનારો સમય, એ માટેની ફી, આ બધું આપણને મેચ થાય તો જ આ શિબિર આપણાં માટે યોગ્ય છે, અન્યથા બીજો ઓપ્શન એક કરવો. આપણાં બાળકને શેમાં રસ છે એ પ્રમાણે જ શિબિરની પસંદગી કરવી. દોઢ - બે મહિના જેટલી લાંબી ચાલનાર શિબિરથી બાળક કંટાળશે નહી ને? એનો અંદાજ લઈને જ એમાં મોકલવો...

બહુમોટા નહીં અને બહુ નાના નહી એટલે ૮, ૯, ૧૦નાં બાળકોનાં આ વયમાં હોર્મોન્સ ચેન્જ થતાં હોય છે. એટલે એમને એમનું ધાર્યું કરાવવાની ઈચ્છા હોય છે. એમને જો એમની ઈચ્છીત વસ્તુની ના પાડો તો ગુસ્સો કરતાં હોય છે, પણ એમને એકલાં મુકી દેવાય જોખમી હોય છે. એનાં મા-બાપ માટે રજાઓમાં કંઈક ઉપયોગી થાય એવી વાતો... તમારાં બાળકનાં મિત્રોને ભેગા કરો, જવાબદારી લઈ શકે એવાં અથવા ફી હોય એનાં એકાદ મા-બાપને આ આખું ગ્રૂપ સોંપી દો. એ આ ગ્રૂપ સાથે રાત્રે ગાર્ડનમાં ફરવા જાય અથવા સોસાયટીમાં દેશી રમતો